# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૦ કેસ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૦ કેસ નોંધાયા છે. જ્યારે ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે હવે તંત્રએ પણ તેની સત્તાવાર યાદીના સ્વરૂપમાં ફેરફાર કરી મોત થયેલ દર્દીઓની સંખ્યા તેમજ કુલ કેસનો આંકડાઓ ગાયબ કર્યા છે.

છેલ્લા એક મહિનામાં જ બીજીવાર પ્રેસનોટના સ્વરૂપમાં તંત્ર દ્વારા ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અડાલજના એક દર્દીના મોત પછી તેનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત કલોલના બે દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયાનું જાણવા મળેલ છે. એક કલોલ અર્બન વિસ્તારમાં અને કલોલના ગ્રામ્ય વિસ્તારના દર્દીનું મોત થયું છે.

જિલ્લામાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૭૭ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસો અને મૃત્યુઆંકને લઈ તંત્ર સાવ સ્તબ્ધ બની ગયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રને હચમચાવી દીધુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૨૦ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૨, માણસામાં ૩, કલોલમાં ૩ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરની આસપાસના જે ગ્રામ વિસ્તારો સેમી અર્બન વિલેજ તરીકે ઓળખાય છે ત્યાંથી આજે પણ કેસો મળી આવ્યા છે. રાંધેજા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં માનવ અધિકાર પંચની ઓફિસમાં પી.એસ.આઈ. તરીકે ફરજો બજાવતી એક મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત રાંધેજામાંથી એક ૬૫ વર્ષીય પુરૂષ જે સેવા નિવૃત્ત થયેલા છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજમાંથી આજે એક જ દિવસમાં ૪ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યું છે. જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકેની ઓળખ ધરાવતા અડાલજમાંથી રોજેરોજ કેસોની સંખ્યા વધી રહી છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજમાં આજે ૪ કેસ મળ્યા હતા. જેમાં ૮૦ વર્ષના એક વૃદ્ધને સારવાર માટે દાખલ કરાયા હતા અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે પણ તે પહેલાં જ તેમનું અવસાન થયુ હતુ.

આ ઉપરાંત અડાલજમાં એક ટુરીસ્ટ ગાઈડ તરીકે સેવા આપતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તો ૪૫ વર્ષીય મહિલા જે બ્યુટી પાર્લરનો વ્યવસાય કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

ભાટ ગામેથી એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુર જે ગાંધીનગરને અડીને આવેલ છે અને કોરોના માટે હોટ સ્પોટ બની ગયુ છે ત્યાંથી આજે ૪ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે.

પેથાપુરમાં એક બાપ દિકરાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૪ વર્ષીય પિતા અને ૩૭ વર્ષનો દિકરો સાથે મળી પાર્લરનો ધંધો કરતા હતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ટાયર પંચરની દુકાન ધરાવતા એક ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉનાવા ગામેથી આજે એક ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાં આજે વધુ બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. આ બન્ને દર્દીઓ પૈકી એક દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જ્યારે બીજા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. માણસા તાલુકામાં આજે અર્બન વિસ્તારમાંથી એક અને ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાંથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. લોદરામાંથી એક ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત પ્રેમપુરા વેડા ગામેથી પણ એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાંથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૨ વર્ષીય મહિલા, માધવપુરામાંથી એક ૨૨ વર્ષીય યુવાન અને કલોલ અર્બન-૨ માંથી એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

# સરળ, સાલસ અને સજ્જન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો પણ આજે જન્મ દિવસ



ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આજે જન્મ દિવસ છે. પાટનગર-ગાંધીનગરને આજે ૫૫ પૂરાં થયાં અને આજે જ મુખ્યમંત્રીને ૬૪ મુ બેઠું. પાંચ દિવસ પછી વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી તરીકે ચાર વર્ષ પૂરાં કરી રહ્યા છે. આ ચાર વર્ષમાં ગુજરાતે સાચા અર્થમાં સંવેદનશીલ નેતૃત્વની અનુભૂતિ કરી છે. જે શાસક સંવેદનશીલ હોય એનું શાસન પારદર્શક હોય એમાં બેમત નથી. જ્યાં પારદર્શીતા હોય ત્યાં જ પ્રગતિ-ગતિશીલતા હોય અને ગતિશીલતા ત્યારે જ હોય જ્યારે નિર્ણયાત્મકતા હોય. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ ચાર મુખ્ય સ્તંભો પર શાસનના ચાર વર્ષ સફળતાપૂર્વક સંપન્ન કર્યા છે.

આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રંગુનમાં જન્મ્યા છે, પણ જીવન ઘડતર અને ગુણોનું ચણતર રંગીલા રાજકોટમાં થયું છે. નવનિર્માણ આંદોલનના સમયથી છાત્ર સંગઠનોથી જાહેર જીવનની શરૂઆત કરનાર વિજયભાઈ રૂપાણી સંગઠનના માણસ કહેવાય છે. હંમેશા લૉ-પ્રોફાઈલ રહેનારા આપણા મુખ્યમંત્રી પોતાના વિરોધીઓ અને ટીકાકારોને પણ સાથે લઈને ચાલનારા છે.

વિજયભાઈ રૂપાણી ભલે પોલિટીકલ સાયન્સના વિષય સાથે સ્નાતક થયા છે અને વર્ષોથી સક્રિય રાજકારણમાં છે છતાં એ જ સત્ય છે કે, મુખ્યમંત્રી રાજકારણી નથી. રાજકારણથી તેઓ પર છે. મુખ્યમંત્રી પદ સુધી પહોંચેલો વ્યક્તિ રાજકારણી ન હોય એ સ્વિકારવું સહેલું નથી. એ હંમેશા કર્તવ્યનિષ્ઠાથી પોતાની જવાબદારી નિભાવે છે. એમ કરતાં ક્યાંક ચૂક થાય તો સામી છાતીએ સ્વિકારી લેવામાં પણ તેઓ ક્યારેય નાનમ નથી અનુભવતા. આવા સરળ, સાલસ અને નખ-શિખ સજ્જન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસે ગાંધીનગર સમાચારની શુભેચ્છાઓ અને અભિનંદન...

# શહેરમાં નવ કેસ નોંધાયા : વધુ ૧ નું મોત

## સે. ૨ માં ૧, સે. ૨૭ માં ૧, સે. ૩ માં ૨, સે. ૨૫ માં ૩, સે. ૧૯ માં ૧, સે. ૧૩ માં ૧ : ૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૪૯૬ પર પહોંચી છે.

આજે સારવાર દરમ્યાન સે. ૪-સી ના એક ૫૯ વર્ષીય આધેડનું અવસાન થયુ છે. આ સાથે શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૯ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૪-સી ના આ દર્દીને સારવાર માટે ૨૬મીએ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમનું ગઈકાલે સાંજે અવસાન થયુ હતુ. સે. ૪-સી માં કોરોનાથી આ બીજુ મોત થતાં સેક્ટરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

શહેરમાં વધતા જતા કેસો અને મૃત્યુનો આંક વધતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. શહેરમાં સઘન સર્વેલન્સને વધુ સઘન બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત એન્ટીજન ટેસ્ટ પણ વધારવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ માં ૧, સે. ૨૭ માં ૧, સે. ૩ માં ૨, સે. ૨૫ માં ૩, સે. ૧૯ માં ૧, અને સે. ૧૩ માં ૧ કેસ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં રહી ખાનગી પ્રેક્ટીસ કરતા એક તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૭ માં રહેતા અને કોન્ટ્રાક્ટર તરીકેની કામગીરી કરતા એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના સાત સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

લોકાયુક્ત ભવનમાં નોકરી કરતા અને સે. ૩ માં રહેતા એક ૫૯ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ અધિકારીના ઘરના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

રેવન્યુ તલાટી તરીકે માણસામાં ફરજો બજાવતા એક ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩ માં રહેતા આ તલાટીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ ની એક ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માં જ એક ૨૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માં જ ત્રીજા કેસ એક ૩૨ વર્ષીય ગૃહીણીનો નોંધાયો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૯ માંથી એક વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીના પરિવારના એક સભ્યને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે. વિદ્યાર્થીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે એસ.જી.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં કેસ વધવાની સાથે જ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. આજે નોંધાયેલ કેસમાંથી ૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે એક દર્દી સિવિલમાં અને એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ છે.

## ખૂણેખાંચરેથી

● શહેરમાં ૩૧-૭-૨૦૨૦ સુધીમાં ૧૯,૫૦૦ મિલ્કતધારકોએ તેમની મિલ્કતનો વેરો ભરી દીધો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની મેલેરિયા શાખાના સુપરવાઈઝર સંવર્ગના શ્રી લિમ્બાચિયા ગઈકાલે લાંબી સેવા પછી વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

● કૃષિ અને સહકાર વિભાગનો હવાલો મનીષ ભારદ્વારજને સોંપવામાં આવ્યો છે.

● રાજય સરકારે સીધી ભરતીથી આવેલા નવા સનદી અધકારીઓની તાલિમ માટેના હુકમો કર્યા છે.

● ગાંધીનગર સહેરના સ્થાપના દિન નિમિત્તે ૧૮ સ્થાનો પર વૃક્ષારોપણ ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવશે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા આજે શહેરના સ્થાપના દિન નિમિત્તે કાર્યાલય ખાતે કેક કાપી ઉજવણી કરવામાં આવનાર છે.

● ત્રણ દિવસના મીની વેકેશનની અસર ગાંધીનગરના જનજીવન પર જોવા મળતી હતી લોકોએ મોટે ભાગે ઘરમાં બેસીને જ સમય પસાર કર્યો હતો.

# પશુપાલન નિયામક ફાલ્ગુનીબેન સંક્રમિત થયા

ગાંધીનગરમાં પશુપાલન નિયામક ફાલ્ગુનીબેનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને છેલ્લા બે દિવસથી તાવ આવતો હોવાથી ટેસ્ટ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પશુપાલન નિયામકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, સેક્શન અધિકારી વસાવા સહિત ઘણા બધા લોકો હોમ ક્વોરોન્ટાઈન થઈ ગયા છે.

સચિવાલયની બાજુમાં આવેલ કૃષિભવન ખાતે પશુપાલન નિયામક તરીકે ફરજો બજાવતા ફાલ્ગુનીબેનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે એસ.વી.પી.માં દાખલ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

# ઉવારસદ અને સેકટર-૨૪ ખાતે જુગાર રમતા ૧૦ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧

મળતી માહિતી મુજબ અડાલજ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી. જેથી પોલીસે ઉવારસદ ગામની સીમમાં આવેલા જે.એમ.ભટ્ઠાની પાછળ ગોગા મહારાજના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ઉવારસદ ખાંટવાસના કાંતિભાઈ જુહાજી ઠાકોર, રૂપાલ ગામનો જીગ્નેશ નરેશ સુથાર, ઉવારસદ ખડકી વાસના ધર્મેન્દ્ર ચંદુભાઈ પટેલ, કોલવડા કાકાનો માઢ ખાતે રહેતા રાજેન્દ્રસિંહ ધનાજી વાઘેલા, ઉવારસદ દરવાજાની ખડકી ખાતે રહેતા અરવિંદભાઈ નારણભાઈ પટેલ, ઉવારસદ પગીવાસ ખાતે રહેતા રમેશજી ઉર્ફે ટાટી ગાબાજી ઠાકોર, પધાજી ખોડાજી ઠાકોર, પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જયારે વાવોલ ગામનો જુહાભાઈ સોમાભાઈ રાવળ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ. ૯૬૩૦ તેમજ દાવ પરથી રોકડ રૂ.૧,૦૪૦ મળી કુલ રૂ. ૧૦,૬૭૦ રોકડ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે સેકટર-૨૧ પોલીસે સેકટર-૨૪ ઈન્દીરા નગર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમવા માટે બેઠેલા તહજીબહુસેન મુસ્તાક હુસેન ખાટકી, સેકટર-૨૪ ખાતે રહેતા હસનભાઈ અબ્દુલભાઈ કુરેશી તેમજ પ્રહલાદભાઈ પોપટભાઈ મારવાડીનો સામમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૦,૧૨૦ જપ્ત કરી ત્રણેય જુગારીઓ સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

